અપીલ અરજી નં.૩૯૨ તા.૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ. ધીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ. ધીવાલાની તા.૨૪–૧–૧૧ની અરજીથી વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૩૫૨ પૈકીના નીચેના ટેનામેન્ટવાળી મિલ્કતના વપરાશ,વસવાટ, ભોગવટો કરનાર કબ્જેદારોના નામ અને કેટલા વર્ષોથી કબ્જેદાર તરીકે છે તેમજ છેલ્લા ૫ વર્ષમાં કબ્જેદારોના નામમાં ફેરફાર થયા હોય તો જુના કબ્જેદારની માહિતી પણ ઉપલબ્ધ કરવા જણાવેલ છે. ટેનામેન્ટ નં. ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦ , ૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૩૧ , ૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૧૬, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૭, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૨/૨૦૧૦–૧૧.

શ્રી કે.એ. ધીવાલાની તા.૨૪–૧–૧૧ની અરજીથી વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૩૫૨ પૈકીના નીચેના ટેનામેન્ટવાળી મિલ્કતના વપરાશ,વસવાટ, ભોગવટો કરનાર કબ્જેદારોના નામ અને કેટલા વર્ષોથી કબ્જેદાર તરીકે છે તેમજ છેલ્લા ૫ વર્ષમાં કબ્જેદારોના નામમાં ફેરફાર થયા હોય તો જુના કબ્જેદારની માહિતી પણ ઉપલબ્ધ કરવા જણાવેલ છે. ટેનામેન્ટ નં. ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦ , ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧,૧૨એ– ૧૫ –૦૯૩૧–૦–૦૧૬, ૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૧૭, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.એઆરડી/ ૧૫૧ તા.૨૧–૨–૧૧ થી આપેલ માહિતી બાબતે સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારને આપેલ પ્રત્યુત્તર જે દસ્તાવેજ સંદર્ભ આધારે આપેલ હોય તેની નકલ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૬ તા.૧૭–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/એઆરડી/ આ.નં. ૧૫૨ તા.૩૧–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એઆરડી/૧૫૧ તા.૨૧–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૪–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ ટેનામેન્ટના વપરાશ વસવાટ અને ભોગવટો કરનાર કબ્જેદારોના નામો અને પાંચ વર્ષમાં કબ્જેદારોના નામમાં થયેલ ફેરફાર અંગેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૫૧ તા.૨૧–૨–૧૧ થી વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૩૫૨ પૈકીના ટેના નંબર ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦ વાળી મિલ્કતમાં મ્યુ. દફતરે ભોગવટો કરનાર કબ્જેદારનું નામ સૈયદ મહમદ અબ્બાસ અને ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧ વાળી મિલ્કતમાં કબ્જેદારનું નામ સાબીયા સૈયદ અબ્બાસ છે. ઉપરોકત બંને ટેના. નંબર પર કબ્જેદારો તા.૧–૪–૦૭ થી મ્યુ. દફતરે દાખલ છે. જે આજ દિન સુધી ભોગવટો કરનાર કબ્જેદારોમાં કોઈ પણ ફેરફાર થયેલ નથી. વધુમાં ટેના નં. ૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ વાળી મિલ્કત પર મ્યુ. દફતરે કબ્જેદાર તરીકે સેલ્ફ એટલે કે મિલ્કતના પ્રથમ કરપાત્ર વ્યકિત મોગલ ઈમામવાડા મસ્જીદના ટ્રસ્ટી ગોડાર બેગમ તે સૈયદ આગા હસનની વિધવા અને બીજાનું નામ દાખલ છે. ટેના નં.૧૨એ–૧૫–૦૩૧–૦–૦૧૬ પર કબ્જેદાર તરીકે હુરમુઝીખાન હકીમ આગાનું નામ તેમજ ટેના નં.૧૨એ– ૧૫–૯૩૧–૦–૦૧૭ પર કબ્જેદાર તરીકે રમઝાન નવાબ મીરઝાનું નામ ચાલી આવેલ છે. સને ૨૦૦૫–૦૬ થી મ્યુ. દફતર જોતાં ઉપર મુજબના કબ્જેદારો દાખલ છે. જેમાં આજ દિન સુધી કોઈ ફેરફાર થયેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે આપેલ માહિતી બાબતે સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦ અને ૦૩૧ના કબ્જેદાર વપરાશ કરતાના ૫ વર્ષની ફેરફારની માહિતી માંગવામાં આવેલ છે જે જાહેર માહિતી અધિકારીએ તા.૧–૪–૦૭ થી માહિતી આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. આથી અરજદારને આ અગાઉ સદર ટેના. નંબર દાખલ હતો કે કેમ? તેની વિગત તેમજ દાખલ હોય તો તે સમયના કબ્જેદાર વપરાશકર્તાની માહિતી આપવાની રહે. જયારે મુદ્દા નં.૨ માં ટેના નં.૧૨એ–૧૫–૯૦૩૧–૦–૦૦૧ મિલ્કતના કબ્જેદાર તરીકે સેલ્ફ મસ્જીદબા ટ્રસ્ટી ગોડાર બેગમ તે સૈયદ અસીમ આગા હસનની વિધવા અને બીજા બાબતે બીજાઓ એટલે કોણ ના નામની માહિતી. જે બાબતે દફતર ઉપલબ્ધ રેકર્ડમાં જો અન્ય નામોનો ઉલ્લેખ હોય તો તેવા નામો જણાવવા તેવી રજૂઆત કરી સાથે ગૌહર બેગમનું તા.૨–૧૦–૮૬ માં મૃત્યુ થયાનો આધાર મરણ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ છે અને બીજા કયા

કયા ટેનામેન્ટ ઉમેરવામાં આવેલ તેની માહિતી આપેલ નથી તે પ્રશ્ન પણ અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં ઉપસ્થિત કરેલ છે. અરજદારે મુળ અરજીના પરિપ્રક્ષ્યમાં માંગેલ ટેનામેન્ટોની માહિતી આપવાની રહે છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે અન્ય ટેનામેન્ટો બાબતેનો મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ ની પાંચ વર્ષની પૂરી નહીં આપેલ માહિતી પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.ર અંગે અરજદારે અપીલમાં પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી મુદ્દા નં.૧ ની નહીં પૂરી પડાયેલી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.ર અંગે અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળ બાબત હેઠળના દફતરની તપાસણી લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કરવા સ્વતંત્ર છે. મુદ્દા નં.ર અંગે અરજદારની માંગણી થયે અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, ( સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. તેમજ અરજદારે મુળ અરજીથી ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,( સેન્ટ્રલઝોન), ....જાણ તથા અમલ માટે .
(ર) શ્રી કે.એ. ધીવાલા,